જીવ માત્રની સેવા એજ કલ્યાણનું સાધન છે.

પ્રેમે પશુ પણ વશ થાય છે.

સત્ કર્મથી મેલ ધોવાઈ
શુદ્ધી મળે છે.

નબળા વિચાર નઠારાં છોક-
રાંની પેઠે હાની કરે છે.

3 [illegible]

સંતોષ સર્વ સુખનું મુળ છે

તૃષ્ણા દુઃખનું કારણ છે.

ભગવાનની ભક્તિ કરતાં
નઠારાં કર્મ કરવાં તે દૂધમાં
ઝેર ભેળવા જેવું છે.

દ્વેષ, ચિંતા અને દુઃખનો
ભંડાર છે.

ક્રોધ રૂપી અગ્નિ ખામોશ રૂપી પાણીથી હોલવાઇ જાય છે.

૩-૩૮

ક્રોધ બુદ્ધિનો નાશ કરે છે.

દારૂ દેહને બાળી નાખે છે
અને આસપાસ આગ
સળગાવે છે.

કાજળને અડતાં પોતેજ
કાળો થાય છે.

માબાપ, રાજા, ને ગુરૂ એ
પૃથ્વી ઉપર પરમેશ્વરનાં રૂપ છે.

પરમેશ્વર વિનાનું એક પરમાણું પણ ખાલી નથી.

મીઠાં વચન અમૃતનાં ટીપાં

સત્સંગ તાપને ટાળી સુખ
શાંતિ આપે છે.

જેવું બી રોપાય તેવું ફળ ફળે.

ભ્રાતૃભાવ એ ધર્મનું પહેલું
પગથિયું છે.

મન, વાણી અને કૃતિથી કર્મ
ની દોર ગુંથાય છે.

સાચું વિચારો. સાચું બોલો
સાચું કરો.